સાલ : ૧૫ / સિલસિલાવાર નંબર : ૧૪૩ / શુમારો : ૫ — કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مِشكوةُ الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રમઝાનુલ મોઅઝ્ઝમ-શવ્વાલુલ મુકર્રમ ૧૪૩૯ / મે-જૂન ૨૦૧૮

# વાકેઆતે શહાદતે અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.)

**➜ યમનથી ઈબ્ને મુલજિમનું આવવું અને ખૈર લોગોની કૂફામાં અછતઃ**

દાઅવતે શરીફહના કિતાબોમાં આ મુજબ બયાન વારિદ થયેલું છે કે, યમનથી કેટલાક લોગો હમ-સિફતે બારીએ તઆલા, અલીએ આઅલાની તરફ આવા તે ગિરોહમાં મલઊન ઈબ્ને મુલજિમ પણ હતો. આપ મૌલાએ તે સઘલાનો બયઅત લીધો. યમની લોગોની આપ બાખૂબી શનાખ્ત રાખતા હતા અને તેઓ સાથે આપના ખુશ-તઅલ્લુકાત હતા. જે વક્ત મલઊનનો વારો આવો તો આપે તેને પૂછ્યું કે, તારૂં શું નામ છે? તેં જવાબ આપો કે, અબ્દુર્રહમાન ઈબ્ને મુલજિમ. આપે તે વક્ત ફરમાવું કે, **"ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઊન"**. આપે તેનો બયઅત લીધો અને ફરમાવું કે, તું આ મીસાકને વફા નહીં કરે. આ મુજબ આપે ત્રણ વાર ફરમાવું.

રિવાયતમાં છે કે, આપ મૌલાએ કૂફીઓને મુઆવીયહ સામે લશ્કરકશી અને જંગ કરવાનું ફરમાન કીધું હતું. પણ તેઓ આપના હુકમને ટાલતા રહ્યા, આજકાલ કરતા રહ્યા, મૌસમનો બહાનો કાઢતા રહ્યા. જૂઠી-જૂઠી બયઅતની વાતો કરતા રહ્યા પણ અમરની તાઅમીલથી કાચા અને કમ્ઝોર રહ્યા. આપે આપના ખુત્બામાં ફરમાવું હતું કે, "કહાઁ ગયા મારા મુખ્લિસ મદદગારો? મારા જાઁનિસારો? મારો પડતો બોલ ઉઠાવનારા! તે સઘલા તો ખુદાની રહેમતમાં પહોંચી ગયા અને હું એકલો રહી ગયો. એવો એકલો કે, આજે કોઈ મારો અનીસ નથી, કોઈ મને યારી દેનાર નથી."

"અય લોગો! હવે હમેં પણ ઈન્શાઅલ્લાહ નઝદીકમાં જ આલમે બકાની તરફ જઈશું અને આ માથાના ખૂનથી આ દાઢી રંગાવીને સુર્ખરૂ થઈશું." પછી આપે ફરમાવું કે, **કહાઁ છે અવ્વલીન અને આખરીનનો ભાવટી, ઝાલિમ અને મક્કાર?** કેમ હજી તક મારા માથાના ખૂનથી મારી દાઢી નથી રંગતો? ખિઝાબે ખૂન આ મારી દાઢીના બાલ પર નથી ચઢાવતો? પછી આપે આહનો નાઅરો બલંદ કરીને ફરમાવું કે, "અફસોસ સદ અફસોસ! તે મારા સઘલા ભાઈઓની જુદાઈ પર કે, જે સઘલાએ હર વક્ત મને યારી દીધી અને જે સઘલા ખુદા અને ખુદાના રસૂલની સુન્નતોંને ઝિંદા કરી ગયા અને બિદઅતોને મિટાવી ગયા. તે લોગો બાદ હું એકલો આ ફનાના આલમમાં બાકી રહી ગયો." થોડા જ અરસા બાદ ઈબ્ને મુલજિમે આપને ઝખ્મી કીધા અને આપની શહાદત વાકેઅ થઈ.

**➜ ઈબ્ને મુલજિમનો બયઅત અને જંગે નહેરવાનઃ**

કૂફામાં વાકેઓ એમ ગુઝરો છે કે, બયઅત આપા બાદ આપ મૌલાએ ઈબ્ને મુલજિમને ફરમાવું કે, તું વફા નહીં કરે. ઈબ્ને મુલજિમ ખૂબ પરૈશાન થઈ ગયો અને આ મુજબ કહેવાનો સબબ પૂછો. મૌલાએ ફરમાવું કે, અય અબ્દુર્રહમાન! તારી એક ધાવ યહૂદીયહ હતી, તેએ તુંને દૂધ પિરાવું અને મોટો કીધો. તું જે વક્ત રોતો હતો અને પછાડા ખાતો હતો તો તે તુંને એક તમાચો મારીને કહેતી હતી કે, "ચુપ થા! અય ભાવટી! તું સાલેહ નબીની ઊંટણીના મારનાર કરતા પણ ઝિયાદહ ભાવટી છે. **તું એવું ગુનાહનું કામ કરીશ કે તારા પર ખુદાનો ગુસ્સો ઉતરશે અને તું જહન્નમમાં જઈશ."** બોલ આ વાત ખરી છે કે નહીં! તે વક્ત તે મલઊન બોલો કે, હાઁ સાહેબ! આ વાત સહી છે મગર હું તો આપને ખૂબ મોહબ્બત કરૂં છું.

(બકીયાહ પેજ નં. ૨ પર)

**ખુદાતઆલા પોતાના બંદાઓને ખુદની હમ્દો સના કરતા શીખાવે છે.**

(પેજ નં. ૧ નું બાકી)
આપ મૌલાએ ફરમાવું કે, તું જ મારો કાતિલ છે. તું મારા ઉપર શમ્શીરે જફા ચલાવીશ. લઈન બોલો કે, અગર આપને એમ જ યકીન હોય તો આપ મને હમણા જ કત્લ કરીએ. આપે જવાબ આપો કે, "હમેં કોઈને બગૈર ગુનાહ કેમ સઝા દઈએ, તે હમારી શરીઅતમાં જાઈઝ નથી." તે બાદ અબ્દુર્રહમાન લઈન કૂફામાં પાઁચ સાલ રહ્યો. તે આપના ઘર પર આવતો, આપથી શરીઅતના ઈલ્મ શીખતો. આપ તેના ઉપર કરમ અને અહેસાનની નઝર ફરમાવતા.

બયાન આવેલું છે કે, જે વક્ત અલીયુલ મુરતઝા કૂફાથી મારેકીન-ખારજીઓથી જંગ કરવા યાઅની જંગે નહેરવાન વાસ્તે નિકલા હતા તે વક્ત આ લઈન પણ સાથે હતો. આપ મૌલાના ફરીક તરફથી જંગ કીધી અને આપની ફત્હો કામિયાબીની ખબર કૂફીઓને આપવા તે તમામ કરતા પહેલા કૂફામાં દાખિલ થયો અને ઝોર-ઝોરથી આપની શાનમાં અશ્આર પઢા અને તમામને ખુશખબરી આપી. કૂફામાં ગલીએ ગલીએ ફિરતો હતો, ખારજીઓ સાથે સોહબત કરતો હતો અને આ તરહ આપ મૌલાના અહેસાનાત અને મીઆદનો અસર તેના દિલો દિમાગ પરથી ઉતરતો જાતો હતો.

**➔ ઈબ્ને મુલજિમ સાથે કોતામહની મુલાકાતઃ**

એક દિન તે લઈન કોતામહ બિન્તે સિજ્જીયહ લઈનાના કોઠા પર જઈ ચઢો. કોતામહ લઈના કોહબાગીરી અને હરામકારીમાં મશ્હૂર હતી. ફહેશકારી અને શરાબખોરી તેના વાસ્તે આમ ચીઝો હતી. જવાની અને દૌલતના સબબ શરાબથી લબે જામને છલકાવી જવાનો દરમિયાન રક્સ-નાચ કરતી હતી. **માલો ઝર ખૂબ હતો અને મક્કારીથી પોતાના હુસ્નમાં ફસાવીને ખારજીઓને પોતાના તરફ ખેંચતી હતી.** ઈબ્ને મુલજિમે આ તરહની કોઈ ચીઝ પહેલા જોઈ નહતી. કોતામહના હુસ્નો જમાલ પર તે ફરેફ્તા- ફિદા થઈ ગયો. તેના કોઠા પર રોઝ જાવા લાગો. લઈનાની નઝર લઈન પર પડી. નાપાકી સાથે નાપાક મિલો. લઈનાને ખબર પડી કે, તે જંગે નહેરવાનથી આવેલો છે. પોતાના બાવા, ભાઈ અને રિશ્તેદારોની ખબર પૂછી. લઈને કહ્યું કે, અય કોતામહ! તે તમામ બેસર થઈ ગયા છે. અલીયુલ મુરતઝાએ તમામનો ખાતેમો કરી દીધો છે. આ સાંભલી લઈના ગુસ્સાથી લાલ થઈ ગઈ. બધી ચીઝો આમ-તેમ ફેંકવા લાગી. આપ મૌલાને ગાલી દેવા લાગી.

ઈબ્ને મુલજિમ આ સાંભલી ઊભો થઈ ગયો અને કોતામહની તૌબીખ કરવા લાગો. આપ મૌલા વાસ્તે બદકલામી તે સાંભલી ના શકો. કોઠા પરથી ઉતરી ગયો. થોડો વક્ત થયો કે તેને કોતામહનો કોઠો, હુસ્નો જમાલ અને શરાબ યાદ આવું. તે પાછો ગયો અને કોતામહની સોહબત કરવાની કોશિશ કીધી. મગર તે લઈના બોલી કે, હવે મારી ઝિંદગીનો એક જ મકસદ છે કે, તું મને અલીનું સર લાવીને આપે. મને મારા ઘરવાલાના કત્લનો અલીથી બદલો લેવો છે. લઈન ઈબ્ને મુલજિમ કાંપવા લાગો, લરઝવા લાગો અને કહેવા લાગો કે, **"અય કોતામહ! આ તું શું કહે છે? આ કામ નામુમ્કિન છે. અલીના મારા પર ઘણા અહેસાન છે."**

લઈના તેને આવીને લિપટી જાય છે. તેને સીનાથી લગાવી દે છે. કહે છે કે, અય જવાન! જો તું એમ ચાહતો હોય કે, તું મને ઈખ્તિયાર કરે, હું તારી થઈ જાઉં, આ માલ-મિલ્કીયત હું તારા ઉપર કુરબાન કરી દઉં, મારા જમાલ પર તારો હક્ક કરી દઉં તો પહેલા મારી ઉમ્મીદ પૂરી કર. તું જ આ કામને કાબિલ છે. લઈન ઝિનાના બદ-ઈરાદાથી શહેવતથી ભરાયો તો કોતામહએ તેને પાછલ ધકેલી દીધો અને કહ્યું કે, **"પહેલે તું સરે અલી લાવ પછી હું અને મારી દૌલત તારી જ છે."** તે બાદ લઈનના સર પર કોતામહનો જમાલ અને ઝિનાનો તાવ સવાર થયો અને ખારજીઓના ગિરોહમાં જઈ મિલો.

**➔ ખારજીઓનો ફિત્નો અને કોતામહના ઈશ્કમાં ડૂબેલો ઈબ્ને મુલજિમઃ**

ખારજીઓ એમ કહેતા હતા કે, ઈસ્લામમાં જે આજે જંગો જેદાલ, ખૂઁરેઝી અને નાઈત્મિનાની છે, તે ચંદ અમીરોના સબબ જ છે. જંગે નહેરવાનમાં જે લોગો હલાક થયા તે સહી હતા. જહાઁ તક આ અમીરોને કત્લ નહીં કરવામાં આવે વહાઁ તક
(બકીયાહ પેજ નં. ૩ પર)

**બહેતરમાં બહેતર તે વક્ત છે કે, જેમાં મખ્લૂક પોતાના ખાલિકની તાઅરીફ અને સિફતો સના કરે.**

(પેજ નં. ૨ નું બાકી)

મુસલમાનોમાં અમન-ચૈન વાકેઅ નહીં થાય. ઈબ્ને મુલજિમ આ વાતોમાં પોતાનો સૂર પુરાવવા લાગો અને બીજા લઈનો સાથે કસમ ખાધા કે, તે અલીએ આઅલાને કત્લ કરશે. કોતામહ અને ખારજીઓની વાતોમાં આવીને લઈનનું ઝહેન નાપાકીથી ભરાઈ ચુકું હતું. કોતામહ લઈનાના કોઠા પર પાછો આવો અને શરાબ પીને અલીએ આઅલા વાસ્તે ફહેશ બકવા લાગો. કોતામહની તરફ ઝિનાના ઈરાદાથી આગલ વધો તો લઈના બોલી કે, ઈન્તેઝાર કર! પહેલે તું મારા દિલને કત્લે અલીથી ઠંડક પહોંચાવ પછી હું તારી જ છું, જો તું સલામત રહ્યો તો. લઈન બોલો કે, "**હવે મારી તમામ ઉમ્મીદ તારામાં છે. હું કત્લ કરવા બિલકુલ તૈયાર છું.** અલી ઉપર વાર કરવો કઈ આસાન વાત નથી. તારા નઝદીક કોઈ હીલો હોય તો બતાવ. હીલો એવો હોય કે, તારૂં કામ પણ થાય અને હું પણ સલામત રહું."

લઈન પર કોતામહના ઈશ્કનું જુનૂન સવાર હતું. ખારજીઓ મુઆવીયહ અને ઉમ્રૂ બિન અલ-આસને કત્લ કરવામાં નાકામ રહ્યા. ઈબ્ને મુલજિમ તૈશ અને અકડમાં આવી ગયો. જો હું મારા કામમાં કામિયાબ થઈશ તો ખારજીઓમાં હું મશ્હૂર થઈ જઈશ, મારી બહાદુરીની લોગો મિસાલ આપશે. લઈન ખુલ્લી તલવાર લઈને બાઝારમાં ફિરવા લાગો. ઈત્તેફાકથી મૌ. ઈમામ હસન (અ.સ.) થી રૂબરૂ થયો, તો મૂઁહ પલટાવીને સલામ કીધા બગૈર એક ગલીમાં છુપી ગયો. અલીએ આઅલાને જે વક્ત આ ખબર કરવામાં આવી તો આપે ફરમાવું કે. "**ઈબ્ને મુલજિમનું સલામ બંધ કરવું તે નિફાક અને મારી મુસીબતની પહેલી નિશાની છે.**"

લઈન, ઝહેરે કાતેઅની તલાશમાં ફિરતો ફિરતો કોતામહના દર પર આવો. કોતામહ તેના ઈન્તેઝારમાં બેસી હતી. જોયું કે, લઈન થાકેલો છે, ગુસ્સામાં છે, તેને હાથ પકડીને પોતાના પહેલુંમાં બેસાડો અને કહ્યું, અય જવાન! મારા પાસે એક હીલો છે, એક એવો નુસ્ખો છે કે, જેથી તું આસાનીથી અલી પર વાર કરી શકીશ. લઈનાએ કહ્યું કે, અલીયુલ મુરતઝા શફઅના વક્ત અંધારામાં પોતાના ઘરથી નિકલીને મસ્જિદમાં ફજરની નમાઝ વાસ્તે આવે છે, તે વક્ત તારા વાસ્તે મૌકો છે. અગર તે વક્ત તું મસ્જિદમાં પહોંચે અને વાર કરવાની તૈયારી કરે, તો અલીને કત્લ કરવું મુમ્કિન છે. શાયદ તું સલામત રહીશ, નહીં તો અલીથી મુકાબેલો કરીને સલામત રહેવું નામુમ્કિન છે.

**➔ અલીએ આઅલાનું ઝાહેદાના જમન અને ઈબાદતઃ**

અય શીઅયાને અલી! રમઝાનનો મહીનો આવો કે, જે માહે મુબારકમાં મુશ્કિલકુશા શહીદ થયા, તેમાં આપ મૌલાનો દસ્તૂર હતો કે, એક પતલી રોટલી અને નમકથી ઈફ્તાર કરતા, નિસ્ફિલ્લૈલના વક્ત થોડા ઘૂંટ પાની પીતા અને ઈફ્તાર જેમ જ સહેરી કરતા. આ મુજબ આપ મૌલાની જમવાની સાદગી હતી. દુનિયાની નેઅમતો આપ વાસ્તે કડવી અને બેમાઅના થઈ ચુકી હતી. આપ હમેશા તે રમઝાનમાં ફરમાવતા કે, મેં એમ ચાહું છું કે, **જે વક્ત હું મારા ખુદાથી મિલું તો મારૂં પેટ ખાલી હોય.** રાવી દિલસૌઝ લિખે છે કે, જે વક્ત શહરે રમઝાનની ઓગનીસમી રાત થઈ તે વક્ત આકા અલીયુલ મુરતઝા વાસ્તે આપના દુખ્તર મૌ. ઝયનબ એક પતલી રોટલી, નમકની દલી અને દૂધનો પ્યાલો લઈને ઈફ્તાર વાસ્તે પધારા. મુશ્કિલકુશા તે જોઈને રોવા લાગા અને ફરમાવું કે, અય બેટી ઝયનબ! શું તમેં એમ ચાહો છો કે, તમારા બાવાજીને દૈર તક ખુદાતઆલાના નઝદીક હિસાબ વાસ્તે ઊભા રહેવું પડે. આ કલામ સાંભલીને ઝયનબ રોયા અને અરઝ કીધી કે, "**અય બાવાજી! આ કઈ ભારી ચીઝ નથી, ઝાહેદાના જમન છે.**" આપ મૌલાએ દૂધનો પ્યાલો પાછો આપી દીધો અને રોટલી-નમકથી ઈફ્તાર કીધું. આપનો આ જ દસ્તૂર હતો.

ઓગનીસમી પૂરી રાત આપ જાગતા રહ્યા અને નમાઝ પઢતા રહ્યા. મખ્ફીમાં આપના શાહઝાદા ઈમામ હસન અને ઈમામ હુસૈન પણ નમાઝ પઢતા રહ્યા, તસ્બીહો મુનાજાત કરતા રહ્યા અને ખુદાતઆલાના નઝદીક સજદામાં દોઆ અને તઝર્રોઅ કરતા રહ્યા. ઘડી ઘડી ઈમામ હસન આવીને બાવાજીની ખબર પૂછવા આવે અને અરઝ કરે કે, "અય બાવાજી! જો

(બકીયાહ પેજ નં. ૪ પર)

**કઈ ઝબાનથી એક બંદો પોતાના ખાલિકની તાઅરીફ-હમ્દ કરે! તમામ હમ્દ ખૂટી પડે.**

(પેજ નં. ૩ નું બાકી)

આપના ઉપર આ મુજબ મુસીબત આવનાર હોય તો આજની રાતે આપ ઘરથી બાહર ન નિકલીએ અને ઘરમાં જ ફજરની નમાઝ અદા કરીએ." આપ મૌલાએ ફરમાવું કે, **"અય મારા ફરઝંદ! જે થાનાર છે તે થઈને રહેશે."**

**➔ અલીએ આઅલાનો ખ્વાબઃ**

ફજર થઈ અને શફઅની નમાઝનો વક્ત આવો તો આપે એમ ઈરાદો કીધો કે, ઘરથી બાહર નિકલે. તે વક્ત મૌ. ઝયનબે રોતા-રોતા આવીને આપનું દામન પકડીને અરઝ કીધી કે, અય બાવાજી! આપ આ વક્ત મસ્જિદ તરફ ના જાવ. આપે ફરમાવું કે, "અય મારી દીકરી ઝયનબ! હમારી કિસ્મતમાં ખુદાએ જે લિખું હશે તે થાશે. તે હમારો મુહાફિઝ છે અને નિગેહબાન છે અને તે ખુદા પર જ હમારો તવક્કુલ છે." તે બાદ આપે ફરમાવું કે, "હમણા મારી આઁખ લાગી હતી તેમાં મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ખ્વાબમાં જોયા, પછી મેં આપના નઝદીક મને ઉમ્મતે જે ઈઝાઓ પહોંચાવી હતી તેની શિકાયત કીધી. આપે ફરમાવું કે, "અય અબલ હસન! તમેં સબર કરો. **તમેં "અસઅદુસ સોઅદા" છો યાઅની નેક-બખ્તોંના નેક-બખ્ત છો.** ઈન્શાઅલ્લાહ નઝદીકમાં તમેં મને આવીને મિલશો." પછી મેં જિબ્રઈલને પણ જોયા કે, આપે એક પત્થર લીધો અને મક્કાના અબી કુબૈસના પહાડ પર ઉતરા અને તે પત્થરને બીજા એક મોટા પત્થરમાં મારો કે, તેના ટુકડે ટુકડા થઈને ચારે તરફ ઉડા. ચિંગારી સાથે એ મુજબ ઉડા કે, મક્કાના સઘલા ઘરોમાં તે ટુકડા જઈને પડા."

મૌ. ઝયનબે અરઝ કીધી કે, આ ખ્વાબની તાઅબીર અને માઅના શું હશે? આપ મને ફરમાવીએ. આપે ફરમાવું કે, અય દીકરી ઝયનબ! અગર આ ખ્વાબ સાચો છે, તો તમારા બાવાજી પર આજની રાતમાં કોઈ મુસીબત પડશે. યમન, ઈરાક અને શામમાં કોઈ ઘર બાકી નહીં રહે મગર તેમાં તમારા વાલિદ વાસ્તે ગમ થાશે." મૌ. ઝયનબ આ કલામ સાંભલીને રોવા લાગા અને બારગાહે ઈલાહીમાં આપ મૌલાનો હાથ પકડીને અરઝ કરવા લાગા કે, **"અય પરવરદિગાર તું ખૈર કરજે. હર હાલમાં તું મારા બાવાજીની હિફાઝત કરજે."** તે બાદ આપ મૌલા નમાઝ પઢવા લાગા, સલામ વાલીને દોઆ કરતા જાય છે અને ઘરના આંગણામાં ઘડી ઘડી આવીને આસ્માન પર તારા જોતા જાય છે. પછી ફરમાવે છે કે, "અય અહલે બૈત! મારા મૌલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આજની રાતની મને બશારત આપી છે, હવે તે ઘડી આવી ગઈ છે. અય મારા રબ! તું મારી મૌતમાં બરકત બોલજે." આપ "લા હૌલા વલા કૂવતા ઈલ્લા બિલ્લાહ" ના કલામ બોલતા જાય છે, નમાઝનો વક્ત કરીબ થાય છે, આપ વુઝૂને નવી કરે છે અને બિસ્મિલ્લાહ બોલીને ઘરના સહેનમાં નિકલે છે.

**➔ અલીએ આઅલાની બટખો વાસ્તે વસીયત અને મસ્જિદમાં આવવુંઃ**

આપ શું જોઈ છે કે, કેટલીક બટખો જે આપે પાલેલી હતી તે આપને જોઈને પુકારવા લાગી, ચિલ્લાવવા લાગી અને દોડતી-દોડતી આવીને આપના પૈરહનનું દામન પકડીને વિલગી ગઈ. આપને ઘરની તરફ ખેંચવા લાગી. મૌ. ઝયનબ તે બટખોને હટાવવા લાગા. અલીએ આઅલાએ ફરમાવું કે, "અય દીકરી ઝયનબ! તેને ના હટાવો. રહેવા દો. મારા દામનથી વિલગવા દો. **એ સઘલાને પોતાના મૌલાને આખિરી વક્ત મિલીને રોઈ લેવા દો.**" તે બાદ આપ મૌલાએ તેના દાણા-પાની વાસ્તે મૌ. ઝયનબને વસીયત ફરમાવી અને કહ્યું કે, "તમેં આ બટખોની ખબર લેતા રહેજો, તેને હરગિઝ ના ભુલજો. આ બેઝબાન જાનવરોંની રખેવાલી તમેં બાખૂબી નિભાવજો."

આપ મૌલાએ જે વક્ત આ સખુન ફરમાવા તો મૌ. ઝયનબ અને મૌ. ઉમ્મે કુલસૂમ બેવે બહેનો પુકારીને રોવા લાગા અને દિલમાં કહેવા લાગા કે, મુકર્રર! બાવાજી સાહેબ આજે મૌત પર યકીન લાવી ચુકા છે. અફસોસ! હવે શું થાશે? હમેં બાવાજીની ફિરાકીનો ગમ કિમ ઉઠાવીશું? તે બાદ આપે બેવે શાહઝાદીઓને સીનાથી લગાવીને સબર બંધાવો અને ફરમાવું કે, "અય દીકરીઓ! તમેં આ મુસીબત પર ના રોવ. આ મુસીબત તો કઈ નથી! મુસીબત તો તે મુસીબત છે કે, તમેં કરબલાની

(બકીયાહ પેજ નં. ૫ પર)

**ખૂદાનો હમ્દ તે તેની ઈબાદત છે.**

(પેજ નં. ૪ નું બાકી)

સફરમાં ઉઠાવશો. તે મુસીબત પર તમારો અઝીમ ઈમ્તેહાન થાશે." બેવે ઈમામોએ ચાહ્યું કે, આપના સાથે મસ્જિદમાં આવે પણ આપે ઈન્કાર કીધો અને બેવેને ગલેથી લગાવીને સબરો તસ્કીનના કલેમાત ફરમાવા. આપ મસ્જિદ તરફ પધારા અને મેઅઝના પર ચઢીને અઝાન દીધી. **આપના આવાઝમાં અજીબો ગરીબ દર્દ અને ઈલ્હાન હતું.** પૂરૂં કૂફા આપની અઝાનથી ગુંજવા લાગું. તે બાદ જે લોગો મસ્જિદમાં સુતા હતા તેને હુશિયાર કીધા અને નમાઝ વાસ્તે તૈયાર થાવાનું ફરમાવું.

**➜ અલીએ આઅલાના સર મુબારક પર ઈબ્ને મુલજિમની તલવાર વાગવી:**

મલઊન ઈબ્ને મુલજિમ અને તેના બે સાથીઓ વરદાન અને શબીબ પણ મસ્જિદમાં સુતા હતા. તેઓને પણ આપે હુશિયાર કીધા અને ફરમાવું કે, ઉઠો અય ખુદાના બંદાઓ! નમાઝ પઢો. તે બાદ આપ મસ્જિદની મહેરાબમાં પધારા અને તહીયતુલ મસ્જિદની નિય્યત લઈ તકબીરતુલ એહરામ બોલો. લઈન ઈબ્ને મુલજિમ ઉઠો કે, જેઓ તલવારોને લઈને પેટના નીચે છુપાવીને ઊંધા સુતેલા હતા. આપ મૌલાને પાછલ આવીને ઉભો થઈ ગયો. આપ મૌલા શૈરે ખુદાએ એક રકઅત તો પઢી અને બીજી રકઅત વાસ્તે સજદાથી ઉઠવા લાગા કે, લઈન અબ્દુર્રહમાને આપના સર મુબારક પર ઝહેરીલી તલવારનો વાર કીધો. અફસોસ સદ અફસોસ! કઈ ઝબાનથી બયાની થઈ શકે કે, મુશ્કિલકુશાની શું હાલત થઈ હશે? આપ મૌલાના ફર્કે મુબારક પર એ મુજબ ઝખ્મ થયો કે, આપનું માથું બે ટુકડા થઈ ગયું. અય મુમેનીન! તમારા અને હમારા મૌલા, આલમના મુશ્કિકુશા અને દસ્તગીર, મહેરાબ અને મિમ્બરના માલિક જમણી જાનિબ મૂઁહના બલ મહેરાબમાં પડી ગયા. આપે ઝબાને મુબારકથી ફરમાવું કે, "**ફુઝતો વ રબ્બિલ કાઅબા**", કાઅબાના રબના કસમ! હું જીતી ગયો. "બિસ્મિલ્લાહે વઅલા મિલ્લતે રસૂલિલ્લાહે સલ્લલ્લાહોં અલયહે વ આલેહી", આ શહાદતના મરતબાને હાસિલ કરીને આ દુનિયાએ ફાનીથી હું છુટીને ખુદાતઆલાના નામથી હું ઝફરયાબ થયો અને ખુદાના રસૂલના દીન પર મારો ખાતેમો બિલ ખૈર થયો.

**➜ ઝરબત બાદ મસ્જિદના હાલાત:**

મહેરાબમાં આપ મૌલાના સરે અકદસથી ખૂનનો ફૂવારો જારી થયો અને આપનો તમામ ચહેરો ખૂનથી તરબતર થઈ ગયો અને મસ્જિદના લોગો દોડીને આપના પાસે આવી ગયા. આપને ઝખ્મી જોઈને કોઈ મૌ. હસન અને મૌ. હુસૈનને ખબર કરવા ગયું. શીઆઓ રોઈ-રોઈને પુકારી ઉઠા કે, અરે! અમીરૂલ મુમેનીન કત્લ થયા, રસૂલુલ્લાહના જાઁનશીન કત્લ થયા, ઉસ્તાદે જિબ્રઈલ અમીનને મારવામાં આવા, શૈરે ખુદા-અલી મુરતઝા ઝખ્મી થયા. હાતિફે નિદા કીધી કે, "**અય માતમદારાને અલી! અય આશિકાને મુશ્કિલકુશા! આપના મૌલા અલી શહીદ થયા**".

મસ્જિદની મહેરાબમાં આપ બેહોશ થઈને પડી ગયા અને તે મલઊન ઈબ્ને મુલજિમ મૌકો જોઈને ઝહેરીલી તલવાર લઈને મસ્જિદ માંથી નાસી ગયો. પૂરા કૂફામાં કોહરામ પડી ગયો અને આપ મૌલા ઝખ્મી થયાની ખબર મશ્હૂર થઈ. મસ્જિદમાં શીઆઓ જમા થાવા લાગા અને ખૂબ આહો ઝારી કરી રહ્યા છે અને ફરિશ્તાઓની રોવાની આવાઝ બલંદ થઈ. જાણે કે, મૌ. જિબ્રઈલ માથા પર ખાક ઉડાવીને પુકારતા હોય કે, "**હિદાયતના અરકાન તૂટી ગયા, તકવાના મિનાર ઝમીન પર આવી ગયા, રૂશ્દો હિદાયતના નિશાન ઝૈર થઈ ગયા.**" આ હંગામમાં બેવે શાહઝાદા ઈમામૈન રોતા હુવા મસ્જિદમાં પધારા અને બાવાજી મૌલા અલીને મહેરાબે મસ્જિદમાં પડેલા જોયા. ખૂનમાં ચકચૂર જોયા. કિબ્લાઓ મહેરાબના માલિક અને મમ્સૂલને કિબ્લામાં જ બેહોશ જોયા. આપના સર મુબારકને નઝદીક બેસીને અરઝ કરવા લાગા કે, અય બાવાજી સાહેબ! કૌન લઈને આપના સર પર આ તરહ ઝખ્મ કીધો? કોએ આપના પર ઝુલ્મ કીધો અને હમને યતીમ કીધા?

**➜ આપને ઘરે લાવવામાં આવા અને ઈબ્ને મુલજિમ લઈન સાથે મુકાલેમો:**

(બકીયાહ પેજ નં. ૬ પર)

**પૂરા દિનમાં નમાઝની બુનિયાદ તે ૫૧ વાર હર રકઅતમાં " અલ-હમ્દ " ની સૂરત પઢવું છે.**

(પેજ નં. ૫ નું બાકી)

તે બાદ ઈમામ હસને આપના માથા મુબારકને પોતાની ગોદમાં ઉઠાવું અને ઈમામ હુસૈને બેવે બાઝૂને પકડા અને બીજા બની હાશિમના જવાનોંએ, શીઆઓએ આપને ઉઠાવવામાં મદદ કીધી. બેવે શાહઝાદા આપને આહિસ્તા-આહિસ્તા ઝખ્મી હાલતમાં આપના બૈતે શરફની તરફ લઈ આવા. પોતાના બાવાજીની આ મુજબની હાલત જોઈને બેવે બહેનો મૌ. ઝયનબ અને મૌ. ઉમ્મે કુલસૂમ પછાડા ખાવા લાગા, ગિરયાઓ ઝારી કરવા લાગા. યહૉં તક કે, તમામ રિદા આઁસૂંઓથી તર થઈ ગઈ. આપને બિસ્તર પર સુવાડા. આપને ઝખ્મમાં થોડો ઈફાકો થયો, હોંશમાં આવા, આઁખોં ખોલી અને ઈમામ હસનને ફજરની નમાઝ પઢાવવાનો હુકમ કીધો અને આપે પણ બિસ્તર પર જ નમાઝે ફજર અદા કીધી.

તે અરસામાં શીઆઓ ઈબ્ને મુલજિમ લઈનને પકડીને લાવા એ હાલતમાં કે, તેના બેવે હાથ બાંધેલા હતા. આપ મૌલાએ તેની તરફ નારાઝગીની નઝર કીધી અને ફરમાવું કે, "અય ખુદાના દુશ્મન! આ તુંએ શું કામ કીધું? શું તું મારા તારા ઉપર તમામ અહેસાનાત ભુલી ગયો? **હું તુંને મુઅઝ્ઝબ અને મલઊન જોઉં છું.** જહન્નમની આગમાં ગિરફતારે બલા જોઉં છું. આજે મારા અહલે બૈત મગમૂમ છે જે તારી દુશ્મનીના સબબ છે." તે લઈન નીચું મૂઁહ કરીને રોવા લાગો. કહેવા લાગો કે, "અફસોસ છે મારી ઝાત પર! મેં એક જહન્નમની નાગન કોતામહ ઝાનીયહની વાતમાં આવી ગયો. **તેએ મને આપની ખિદમત વાસ્તે અંધો અને નાકામ કરી દીધો.** લાઅનત છે મારા ઉપર કે આપ જેવા દીનના સરદાર પર મેં નાહક્ક તલવાર ચલાવી."

**➔ ઝહેરીલી તલવારની કૈફીયત અને દૂધનો પ્યાલોઃ**

મૌ. ઉમ્મે કુલસૂમ તે લઈન પર ગઝબનાક થયા અને તેની તૌબીખ-મઝમ્મત કરવા લાગા કે, "અય મલઊન તારા ચહેરા પર ખાક, તું અહેસાનફરામોશ થયો, ઝુલ્મની તલવારથી મારા બાવાજીને તુંએ ઝખ્મી કીધા! રમઝાનના આ મુબારક અય્યામમાં તુંએ હમને મુસીબતમાં નાંખા. તુંએ ખુદ તારા અંજામને બુરો કીધો. નાઉમ્મીદી સિવાય હવે તારા નઝદીક કઈ જ નથી. હમારી એક જ ઉમ્મીદ છે કે, ખુદા બાવાજીને શિફા બખ્શે." આ કલામ સાંભલીને લઈન કાંપવા લાગો. બોલો કે, અય કુલસૂમ! "તમેં આ ખોટી ઉમ્મીદ પર ન રહેજો. **ખુદાની કસમ! મેં આ તલવારને ચાલીસ દિન તક ઝહેર પિરાવું છે.** અગર આ તલવારનો એક વાર તમામ મિસિરના લોગો પર પડે તો તે સઘલા તે જ વક્ત હલાક થઈ જાય."

આપ મૌલાને ઝખ્મના સબબ થોડી થોડી વારે ગશ આવતો હતો અને પછી પાછા બૈદાર થાતા હતા. આપની કમ્ઝોરી દૂર થાય તે વાસ્તે ઈમામ હસને આપને દૂધ અને મધ બેવેને મિલાવીને એક કદેહમાં આપું. આપ મૌલાએ અડધું પીધું અને બાકીનું ઈબ્ને મુલજિમ લઈનને આપું. આપ મૌલાએ શફકત ભરા કલામથી ફરમાવું કે, **તેના હાથ છોડી દો, તે મારો મહેમાન છે, તેને પીવા દો.** લઈન રોવા લાગો. કરીબ છે કે, તે કદેહ માંથી દૂધ પીએ, તેના નાપાક હાથ માંથી પાક દૂધની કદેહ પડી ગઈ. શાયદ કે, ખુદાતઆલાને આપ મૌલાના હાથની નેઅમત લઈનના પેટમાં જાય તે મન્ઝૂર ન હતું. આપે ફરમાવું કે, તમેં આ લઈનને તે જ તલવારથી મારજો, એક જ વારથી કે જે મુજબ તેએ મારા ઉપર વાર કીધો છે. પછી ખુદાના નઝદીક તેની ઝિંદગી અને મૌતનો ફેસલો છે.

**➔ મૌ. હસન અને મૌ. હુસૈનને વસીયત અને કરબલાઃ**

તે બાદ આપ મૌલાએ સઘલા અહલે બૈતને વસીયત કીધી અને ઈમામ હસન તેમજ ઈમામ હુસૈનને સીનાથી લગાવા અને ઈમામ હસનને ફરમાવું કે, "અય દીકરા હસન! તમને દુશ્મનોં ઝહેર પિરાવશે તો તે મુસીબત પર તમેં સબર કરજો." "અય દીકરા હુસૈન! ખુદાના કસમ, તમારી મુસીબત સઘલી મુસીબતો કરતા મોટી છે અને ઘણી સખ્તતર છે. તમેં કરબલા જાજો અને જે તમને વહૉં ઈઝા પહોંચે તે પર તમેં સબર કરજો. સઘલા અહલે બૈત અને બચ્ચાંઓને સબર બંધાવજો. તમને ઉમ્મતના લોગો ભુખા-પ્યાસા રાખશે. **નાનાજીના દીનના ખાતિર તમને શહીદ થાવું પડશે. કોઈ શિકવા-શિકાયત ન કરજો.**"

(બકીયાહ પેજ નં. ૭ પર)

**" અલ-હમ્દ "-સૂરતુલ ફાતેહાને કુરઆને કરીમની માઁ કહેવામાં આવે છે.**

(પેજ નં. ૬ નું બાકી)

અય જવાનાને બની હાશિમ! અય મારા ફરઝંદો! તમેં સઘલા ઈમામ હસનની તાઅત કરજો. મારા બાદ તે તમારા ઈમામ છે. હક્કના ધણી છે. તેના હુકમને માથા પર ચઢાવજો. **ઈમામ હસન બાદ ઈમામ હુસૈન હક્કના ઈમામ બનશે.** આ બેવેની ઈતાઅત તમારા સઘલા પર ફરઝ છે."

આપે આપના બૈરો મૌ. ઉમ્મુલ બનીનને ફરમાવું કે, અબ્બાસને લાવો. અબ્બાસ આવા. આપે તેને ગોદમાં લીધા અને બેવે ખભાને ચુમા અને તેના બેવે હાથને ઈમામ હુસૈનના હાથમાં આપા. ફરમાવું કે, "અય દીકરા હુસૈન! આ અબ્બાસને તમેં સંભાલજો. મૈદાને કરબલામાં તમને આ ઘણી યારી આપશે. બચ્ચાઓ વાસ્તે પાની લાવવાની ખૂબ કોશિશ કરશે. તમારી મદદ અને નુસરતમાં તે પોતાના બેવે બાઝૂને કત્અ કરાવશે. આ અબ્બાસ તમારા નામ પર શહીદ થાશે. **તેનું આ દુનિયામાં આવવું, અય હુસૈન! ફક્ત ને ફક્ત તમારા વાસ્તે છે.**" એટલું આપે ફરમાવું કે, આપના બૈતે શરફમાં એક શોર મચી ગયો, તમામ રોવા લાગા અને માતમ બરપા થઈ ગયું.

**➜ ઈબ્ને અબ્બાસના સવાલો, મૌતનો પસીનો:**

અય મુમેનીન! રાવી જાઁસોઝ બયાન કરે છે કે, જે વક્ત શહરે રમઝાનની એકવીસમી તારીખ આવી તે વક્ત મૌ. અબ્દુલ્લાહ બિન અબ્બાસ આપ મૌલાની મિઝાજપુરસી વાસ્તે પધારા. ઈબ્ને અબ્બાસની નિય્યત હતી કે, આપ મૌલાને ૭૦ સવાલાત પૂછે. મગર મૌલાની આ મુજબ ગશની હાલત જોઈને તે ચુપ રહી ગયા, એક જાનિબ ઊભા થઈ ગયા અને તેની આઁખોથી અશ્ક રવાઁ થયા. દિલમાં સોચવા લાગા કે, હમણા કલામ કરવા મુનાસિબ નથી, શાયદ પછી પાછો આવીને ઈમામ હસનને પૂછી લઈશ. એટલામાં મુશ્કિલકુશા થોડા હુશિયાર થયા અને ઈબ્ને અબ્બાસ તરફ નઝર કીધી. ફરમાવું કે, "અય અબ્દુલ્લાહ! આવો. પૂછી લો, ૭૦ સવાલોને. **તમારા મૌલા તમારાથી અછત થાય તે પહેલા જે પૂછવું હોય તે પૂછી લો.** હું જાણું છું કે, તમારા દિલમાં ૭૦ સવાલાત છે. તો સાંભલો આ તેના જવાબો છે." જવાબો સાંભલીને ઈબ્ને અબ્બાસ તઅજ્જુબમાં પડી ગયા. દિલમાં ને દિલમાં કહેવા લાગા કે, અલીયુલ મુરતઝાએ મારા દિલની વાત કઈ તરહ જાણી લીધી. તેને યકીન થઈ ગયું કે, આપ મૌલા આલેમુલ ગૈબ છે, હક્કના વસી છે, અઈમ્મતે તાહેરીનના વાલિદે મોહતરમ છે. પછી આપની પૈશાની પરથી આપે કઈ લૂછ્યું. ઈમામ હસને સવાલ કીધો કે, અય બાવાજી! આપ આ શું લૂછો છો? ફરમાવું કે, "અય દીકરા! જે વક્ત મુમિનને મૌત આવે છે તે વક્ત તેની પૈશાની પર પસીનો આવે છે. તે પસીનો આખિરી વક્તની નિશાની છે. તે પસીનો મને પણ આવો છે. મેં તેને લૂછ્યું છું. શાયદ કે હવે તમારાથી મારી ફિરાકી નઝદીક છે."

**➜ આપનો આસ્માન પર ઈસ્તિકબાલ આખિરી વસીયતઃ**

"અય મારા અહલે બૈત! ખુદાના કસમ, હવે હું તમારાથી ફિરાકનો કરનાર છું તો તમેં બૂકા અને શૌરો શયવન ન કરજો. કેમકે, જે ચીઝનો મેં હમણા નઝારો કરી રહ્યો છું **તેને જો તમેં જોશો તો હરગિઝ તમેં આહોઝારી નહીં કરો.**" મૌ. ઉમ્મે કુલસૂમે અરઝ કીધી કે, આપ ફરમાવીએ કે આપ શું જોવ છો? આપે ફરમાવું કે, મારા મુકાબિલ ફરિશ્તાઓ હાથ જોડીને ઉભેલા છે, અંબિયા હાઝિર થયા છે, મારા મૌલા મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) યહાઁ તશરીફ લાવા છે. મને ફરમાવે છે કે, "અય અલી! તમેં વધામણી લો કે, હવે તમેં ઝરૂર દુનિયાની મહેનતથી છુટી જાશો અને સુકૂન વાલી જન્નતમાં પધારશો. આપના ખૈર મકદમ વાસ્તે હમેં મુન્તઝિર છે."

તે બાદ ઈમામ હસનને નઝદીક બોલાવા, આપ પર નસ્સ ફરમાવી અને વસીયત કીધી. આપના ઘરના અહલ અને મોટા-મોટા શીઆઓને આ વાત પર શાહિદ રાખા. સઘલી તબર્રૂકાત, પોશાક, આગલા નબીઓની કિતાબો-સહીફાઓ, હથિયારો, સંદૂકો અને કશ્ફે કુલ્લીની કિતાબ ઈમામ હસનને સોંપી. ફરમાવું કે, તમારો આખિરી વક્ત આવે તો આ તમામ ચીઝો તમેં ભાઈ હુસૈનને સોંપજો. ઈમામ હુસૈનને ફરમાવું કે, તમેં આ અમાનતને તમારા ફરઝંદ અલી ઝયનુલ આબેદીનને સોંપજો.

(બકીયાહ પેજ નં. ૮ પર)

**" અલ-હમ્દ " માં પંજતને પાક (અ.સ.) ની ફઝીલત છુપાયેલી છે જેમાં પાઁચ હુરૂફ છે.**

(પેજ નં. ૭ નું બાકી)
મૌ. અલી ઝયનુલ આબેદીન તે વક્ત ૬ સાલના હતા. આપ મૌલાએ તેને આપના બાઝૂના નઝદીક ઉભા રાખા અને ફરમાવું કે, અય મારા દીકરા! તમેં તમારા ફરઝંદ મોહંમદુલ બાકિરને આ અમાનત સોંપજો. તમેં તે ફરઝંદને મારો અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો સલામ કહેજો. અય હસન! તમેં મારા બાદ વલીયુલ અમર છો. અહલે ઈમાનના મૌલા છો.

**➔ આપ મૌલાની રહેલત અને કબરે અન્વર:**

તે બાદ આપે આપની ઝબાને અકદસથી "લા ઈલાહા ઈલ્લલ્લાહ. મોહંમદુન રસૂલુલ્લાહ" નો કલેમો પઢો અને ફરમાવું કે, "અસ્સલામો અલયકુમ યા અહલલ બૈત", સઘલાએ આપના આ સલામનો જવાબ વાલો. આપે આઁખોંને બંધ કરી લીધી અને ગરદનને નાખી દીધી અને હાથ-પગ દરાઝ કીધા. અફસોસ સદ અફસોસ! આપની રૂહે મુકદસ આપના બદને મુબારકના કૈદથી જુદી થઈ ગઈ અને આપ આલમે ફાનીથી આલમે બાકીની તરફ નકલ થઈ ગયા. સઘલા અહલુલ બૈત આપના ગમમાં રોતા રહ્યા અને જાનોંને ખોતા રહ્યા. હમેશા સલવાતો સલામ પઢજો ખુદાતઆલા અલીયુલ મુરતઝા પર અને આપની આલે અન્વર પર.

અય મુમેનીન! આપ મૌલા અલવાતુલ્લાહે અલયહે વ આલેહી શહરે રમઝાનની એકવીસમી રાતે વફાત થયા કે, જે રાતમાં મૌ. ઈસા રૂહુલ્લાહ આસ્માન ચઢા અને મૌ. યાહયા બિન ઝકરીયા પણ આ જ રાતમાં વફાત થયા છે. મૌ. હસન, મૌ. હુસૈન અને મૌ. અબ્દુલ્લાહ બિન જાઅફરૂત્તૈયાર એમ સઘલા સાહેબોએ આપ મૌલાને ગુસુલ દીધો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વક્તનું જે હુનૂત બાકી હતું તે હુનૂતથી આપને ખુશ્બૂદાર કરવામાં આવા. ત્રણ સફેદ કપડામાં આપને કફન દેવામાં આવું. મૌ. હસને આપ પર જનાઝહની નમાઝ પઢાવી અને તે નમાઝમાં સાત તકબીરહ બોલા.

આપના જનાઝહના આગલા બે પાયાને ખુદાતઆલાના હુકમથી મૌ. જિબ્રઈલ અને મૌ. મીકાઈલએ ઉઠાવા અને પાછલા બે પાયાને મૌ. હસન અને મૌ. હુસૈનએ ઉઠાવા. આ અમલમાં શીઆ ખોલસાએ પણ સવાબ હાસિલ કીધો. કૂફાથી નજફે અશરફ જે વક્ત આ જનાઝોહ પહોંચો તો એક મકામ પર તે રૂકી ગયો, જાણે કે કોઈના કદમ તે જગાથી આગલ વધતા જ ન હોય. કુદરતે ઈલાહીથી તમામ જનાઝહ સાથે ત્યાં જ રૂકી ગયા. જનાઝોહ તે જગા પર ઉતારો અને તમામે જોયું કે, ત્યાં પહેલાથી જ એક કબર ખોદેલી મૌજૂદ છે, લહદ કીધેલી છે. ગૈબથી આવાઝ આવો કે, આ કબરને ખોદનાર મૌ. નૂહ નજીયુલ્લાહ છે અને તે લહદમાં અલીયુલ મુરતઝાને દફન કરો. આ અમર ખુદાતઆલા તરફથી સમઝીને ઈમામૈન અને શીઆઓએ આપ મૌલાને ત્યાં જ દફન કીધા. તે બાદ રોતા હુવા તમામ કૂફા તરફ રૂજૂઅ થયા. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)
પૂરૂં સાલ ગુઝરી ગયું મગર મુનાફિક સાઈલે હાર ના માની અને તે જ મુજબ નમાઝના નાઝુક વક્ત પર દોબારહ આપ મૌલાની મુલાકાત વાસ્તે આવો. કહેવા લાગો કે, "અય અલી! આપે જે જવાબ આપો હતો તે બિલકુલ સહી હતો, તેમાં મને કોઈ કુસૂર નઝર ન આવો, હાલાંકે હું સાલ-ભર તેને ગલત સાબિત કરવા કોશિશ કરતો રહ્યો. હવે આપ મને મારા આ સવાલનો જવાબ આપો કે, **તે કયા જાનવર છે જે પોતાના બચ્ચાને દૂધ પિરાવે છે અને કયા એવા છે જે તેના બચ્ચાંની ચાંચમાં દાણા ભરાવે છે?**"

આપ મૌલાએ ફરમાવું કે. "અય શખ્સ! તેનો પણ મારા પાસે આસાન જવાબ છે અને તે વાસ્તે એક કાનૂન છે. તે એ છે કે, જે જાનવર પોતાનું જમન ચાવીને જમે છે તે પોતાના બચ્ચાંને દૂધ પિરાવે છે અને જે જાનવર પૂરે પૂરા દાણા ગિલી જાય છે તે પોતાના બચ્ચાંની ચાંચમાં દાણા મુકે છે. તારા ઈલ્મ અને જાણકારી મુજબ તું તલાશ કર. જો મારી વાતમાં તુંને કુસૂર દેખાય તો ફૌરન મારા પાસે આવજે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મને પોતાના ઈલ્મી શહેરનો દરવાઝો બનાવેલો છે. આ શહેરમાં ફક્ત ઈન્સાનનું નહીં મગર આ આલમમાં જેટલી મખ્લૂકાતે ખુદા છે તે તમામનું ઈલ્મ ભરેલું છે. **મારી દાઅવત ફક્ત ઈન્સાન પર નથી મગર હર જાનદાર અને ગૈર-જાનદાર ચીઝો પર છે.** હમેં તમામના ઈલ્મથી વાકિફ છીએ." તે સાઈલ ખૂબ શરમિંદા થયો, ખામોશ થઈ ગયો અને પોતાની ખતાને કુબૂલ કરી લીધી. ✯

**ખુદાતઆલાના હમ્દ સાથે વાજિબ છે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હર પર સલવાત પઢાય.**

## સવાલ અને હાર

હર રોઝ, હર ઘડી ઈન્સાનના દિલો દિમાગમાં તરહ-તરહના અજીબો ગરીબ સવાલો પૈદા થાય છે. કોઈ નવી ચીઝ જોવામાં આવે, સાંભલવામાં આવે, નવી જગા પર જાવાનું થાય, નવા લોગો સાથે મુલાકાત થાય, કોઈ નાગહાની વાકેઓ બને યા અજુગતા હાલાત પૈશ આવે, તો દિમાગી હિલચાલ તૈઝ થઈ જાય છે. વિચારો અને ગુમાનોની જાણે કતાર લાગી જાય છે. એવા વકતમાં જે ઉલઝનો પૈદા થાય તે વાસ્તે ઈન્સાન બેબસ, ઉત્સુક અને જવાબને તલાશ કરવા તરફ ઉતાવલો થઈ જાય છે.

ઈસ્લામ આવા પહેલા સદીઓથી અરબના લોગો જાહિલ અને બુતપરસ્ત હતા. જાહિલીયતના ઝમાનમાં દીન, અદબ, હિકમત, ઈબાદત, રહેમદિલી, પરહૈઝગારી જેવી કોઈ ચીઝ ન હતી. તેઓ પોતાના આબાઓ અજદાદના બુતપૂજાના મઝહબ અને બેઅદબી ભરા રીત-રિવાજો પર ઝિંદગી ગુઝારતા હતા. એવા અંધારા-ભરા મુઆશેરહમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) દીને હક્કનો ચિરાગ લઈને પધારા. દીને ઈસ્લામની રોશની આપના હાથ પર મક્કાથી મદીના અને તે બાદ પૂરા હિજાઝમાં અને પૂરા અરબસ્તાનમાં ફેલાઈ ગઈ. **તેનો દારો મદાર કુરઆને કરીમની તાઅલીમાત સાથે નબી સાહેબના પુરહિકમત કલામ હતા.** ઝિંદગીના હર ગોશા વાસ્તેની હિદાયત દીને હક્કમાં મૌજૂદ હતી જેનું ઈલ્મ અરબના લોગોને ન હતું. કોઈ પણ ફરમાને ઈલાહી નાઝિલ થાતું તો તે વાસ્તે તરહ-તરહના સવાલાત લઈને લોગો પૂછ-પરછ કરવા, માઅલૂમાત હાસિલ કરવા નબી સાહેબ પાસે આવતા.

ખુદાતઆલા કુરઆને કરીમમાં એક લફઝ ફરમાવે છે, **"યસ્અલૂનકા"**, યાઅની, તે લોગો આપને, અય રસૂલુલ્લાહ, સવાલ કરશે. આ લફઝની આયતો ઘણી છે અને તે સવાલ વાસ્તે પછી ખુદાતઆલા પોતાના રસૂલે અકરમને જવાબ પણ બતાવે છે. જેથી સવાલ પૂછનારના દિલને તશફ્ફી થાય, તસલ્લી થાય અને નબી સાહેબની અઝમત તેના દિલમાં પૈદા થાય. લોગો નબી સાહેબને નીચે બયાન કરવામાં આવેલી ફલાઁ-ફલાઁ ચીઝો વાસ્તે સવાલ કરતા હતા. નવા મહીનાના ચાંદનું આસ્માન પર દેખાવવું (અહિલ્લહ), તેઓને પોતાની દૌલતને કઈ તરહ ખર્ચ કરવું (માઝા યુન્ફેકૂન), હુરમતવાલા મહીનામાં શું કરવું (શહરિલ હરામ), શરાબ અને કુમ્મારબાઝી-શરતબાઝીનું હરામ હોવું (ખમર વલ મૈસિર), યતીમ લોગો અને તેમના સાથેનો વહેવાર (યતામા), હૈઝદાર બૈરોની કૈફીયત અને કઈ તરહ રહેવું (મહીઝ), કેયામતનું આવવું અને તેની નિશાનીઓ (સાઅત), માલે ગનીમત જે જંગ બાદ દુશ્મનો છોડીને ગયા હોય યા અહલે ઈસ્લામને હાથ લાગો હોય તેનું તકસીમ કરવું (અન્ફાલ), જિસ્મ સાથે જાનનું હોવું (રૂહ), મૌ. ઝુલકરનૈનની હુકૂમત અને એક આદિલ બાદશાહ હોવું (ઝિલ કરનૈન), પહાડોનો ઝમીન પર તેની મઝબૂતી વાસ્તે હોવું (જેબાલ).

આ તરહના સવાલાત લોગોએ નબી સાહેબને કીધા અને આપે ફરમાને ખુદાવંદી મુજબ તેના કાફી-શાફી અને તસલ્લી-બખ્શ જવાબ ફરમાવા. સવાલ કરનાર એવા પણ લોગો હતા જેની નિય્યત કુસૂરવાલી અને ફિત્નાઅંગૈઝ હતી. ખુલૂસથી ઈલ્મ હાસિલ કરવાનો મકસદ ન હતો મગર તેઓ હક્કના નબી અને વસીને પરેશાન કરવા માંગતા હતા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **" હું ઈલ્મનું શહેર છું અને અલી તેના દરવાઝા છે. "** મૌ. અલી (અ.સ.) અને આપની આલ આ ઈલ્મી શહેરના દરવાઝા છે. સવાલ ગમે તેવા હોય, નિય્યત કઈ પણ તરહની હોય, ખુદાના હક્કના ધણી અને દાઈ સવાલ કરનારની નિય્યત મુજબ જવાબ આપે છે. આપ એ જોઈ છે કે, હક્કદાર તરફ તેનો હક્ક પહોંચવો જોઈએ. દાઅવતે શરીફહનો ઐન મકસદ હર મહાઝ પર, હર તરીકાથી મુમેનીનની તરબીયત કરવું છે.

અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) ના ઝમાનમાં એક વાકેઓ એમ ગુઝરો કે, એક સાઈલ (સવાલ કરનાર) આપના નઝદીક આવો જે આપનો કટ્ટર દુશ્મન હતો. બરાબર નમાઝના વક્ત પર આપની મુલાકાત વાસ્તે આવો કે, આપને એવા કોઈ સવાલમાં મશ્ગૂલ કરી દે યા એનો જવાબ એટલો લંબો હોય કે, જવાબ આપતા-આપતા વક્ત દરાઝ થઈ જાય અને નમાઝ કઝા થઈ જાય. તેએ એ પણ સોચું કે, આપ કોઈ હાલતમાં નમાઝ કઝા થાવા નહીં દે, તો આ સૂરતમાં જવાબ આપવો મુશ્કિલ થઈ જાશે.

(બકીયાહ પેજ નં. ૧૦પર)

**ઝમીનો આસ્માનની હર શય-ચીઝ ખુદાનો હમ્દ કરે છે.**

(પેજ નં. ૯ નું બાકી)

આ તરહની સૂરતે હાલ હર ઝમાનમાં પૈશ આવે છે. શર લોગોની શરારત હર મહાઝ પર અને હર મૌકા પર ચાલુ જ રહે છે. ગૈર-અકીદાની મજલિસોથી, ગૈર-મસ્લકની કિતાબોથી અને ફિત્નાવર ખયાલ રાખનાર લોગોની સોહબતથી જાણેલી ચીઝો, તહેકીકાત બગૈર સાંભલેલા બયાનો અને વાંચેલી વાહીયાત-બેબુનિયાદ રિવાયતોથી **ફસાદકુન, ગૈર-ઝરૂરી, નામાઅકૂલ અને ગૈર-શરઈ સવાલો** કાચા-કાન અને કાચી અકલ રાખનારના ગંદા ઝહેનમાં પૈદા થાય છે. તેઓ અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદાઓથી બિલકુલ બેખબર હોય છે, અપના ઈબ્તેદાઈ ઈલ્મના પગથિયાઓથી નાવાકિફ હોય છે, સાહેબે દાઅવતની બા-મુફીદ સોહબતથી ગાફિલ હોય છે, અપની ઈલ્મી અને બા-હિકમત મજલિસો મહેફિલથી જાહિલ હોય છે, અપના બા-ઈલ્મ અને સંજીદહ મુમેનીનથી વાતચીત અને મુલાકાત કરવામાં પરહેઝ કરે છે.

આમ થવાથી આહિસ્તા-આહિસ્તા આવા લોગોના દિલો દિમાગ પર જેહાલત, ગુમ્રાહી અને દાઅવતે શરીફહના ઈલ્મે નૂરાનીને તલબ કરવાના ખિલાફ ભારી કાટ લાગી જાય છે. આવી સૂરતમાં તેઓના દિમાગ કચરાની પેટી જેવા થઈ જાય છે કે, જેમાંથી કચરો હોય તો ઠીક પણ કચરો ખાલી થઈ જાય તો પણ કચરાની ગંધ આવા જ કરે છે. **બદબૂ કોઈ વાર ખુશબૂમાં તબ્દીલ થાતી નથી.** કાગઝ, કચરામાં પણ હોય છે અને કુરઆનમાં પણ! મગર બેવેની જગા અલગ છે. એક ફેંકવા વાસ્તે છે અને બીજો પઢવા વાસ્તે છે. હવે જોવા જેવી વાત તો એ છે કે, આ લોગો કુરઆનને કુરઆનવાલા સાહેબ પાસે ન પઢા તો સવાલોના કોયડામાં અને કચવાટમાં એવા પડી ગયા કે, **તેઓના બેસિબાત અને બેબુનિયાદ જવાબો જ પાછા સવાલો બની ગયા.**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના વસીએ આઅલા મૌ. અલી (અ.સ.) વાસ્તે ફરમાવે છે કે, **" અના મદીનતુલ ઈલ્મે વ અલીયુન બાબોહા "**, યાઅની, હું ઈલ્મનું શહેર છું અને અલી તેના દરવાઝા છે. જે ઈલ્મી શહેરના શાહ, બાની અને માલિક નબી સાહેબ હોય તો તેમના તરફ જાવાના અને પહોંચવાના દરવાઝા પણ એવા જ આઅલા અને બેમિસાલ હોય. આ તે શહેર છે કે, જેમાંથી બીજા નબીઓના શહેરોના રસ્તાઓ ખુલે છે. અલીએ આઅલા આ શહેરે ઈલ્મે નબવીની હર ગલીને હર ગોશાને જાણતા હતા કેમકે, આપ જ તો તેનો નકશો બનાવનાર હતા. તો શું પછી ઝમીનો આસ્માન, જલીઓ ખફી, દરીયાઓ દરખ્ત, ચરિન્દો પરિન્દ, પત્થરો પહાડનો કોઈ એવો સવાલ બાકી રહે કે, જેનો આપના પાસે જવાબ ન હોય! બિલકુલ નામુમ્કિન છે.

આપ મૌલાને સવાલ થયો કે, "યા અલી! આપ મને એ ખબર કરો કે, આટલી મોટી કાએનાતમાં દુનિયામાં લાખો જાનવરો રહે છે, અલગ-અલગ જગાઓ પર રહે છે અને પોતાની નસલોંને આગલ વધારે છે. મગર તે તમામમાં બે તરહના જાનવરો છે : ૧) કેટલા એવા છે કે, જેના માદાના પેટમાં બચ્ચા મોટા થાય છે અને તે બચ્ચાને જ જન્મ આપે છે? ૨) કેટલાક એવા છે કે, જેમાં માદા બેદા મુકે છે, તેને સેવે છે, સાચવે છે અને થોડા વક્ત પછી તેમાંથી બચ્ચા બાહર નિકલે છે?"

સવાલ કરનાર દુશ્મને અલીએ આપ મૌલાને આ સવાલ તે વક્ત કીધો કે, નમાઝનો વક્ત કરીબ થઈ રહ્યો હતો અને આપ વુઝૂની તૈયારી વાસ્તે આમાદહ હતા. આપ મૌલાએ બે ઘડી તેના તરફ તવજ્જોહ કીધો અને ફરમાવું કે, "અય શખ્સ! હમણા મારા નઝદીક વક્ત એટલો નથી કે, હું તુંને તફસીલથી બતાવી શકું. પણ એક કાનૂન તું યાદ રાખ કે, ખુદાતઆલાની આ અજીબો ગરીબ તખ્લીકે કાએનાતમાં તે જાનવરો કે જેના કાન અંદર હોય છે તે બેદા આપે છે, તેને સેવે છે અને મુકર્રરહ વક્ત પર તેમાંથી બચ્ચા નમૂદાર થાય છે. એવા જાનવરોના કાન બાહર લટકતા નથી અને તે અકસર કરીને પોતાની પાંખોથી હવામાં ઉડે છે, યા પાનીમાં તિલે છે. આ સિવાય તમામ જાનવરો બચ્ચાને જને છે એટલે કે, તેના કાન ખુલ્લા તૌરથી બાહર હોય છે. આવા બચ્ચા પોતાના માઁનું દૂધ પીને મોટા થાય છે."

"અય શખ્સ! શું તુંને તારા સવાલનો જવાબ મિલી ગયો? તું હવે જા, હું તુંને પૂરૂં સાલ આપું છું. તું તલાશ કર કે આ મારા જવાબ પર તમામ ચીઝ સહી ઉતરે છે કે નહીં! જો તુંને શક હોય યા કોઈ ગલત ચીઝ માઅલૂમ પડે તો આવીને મને બતાવજે."

(બકીયાહ પેજ નં. ૮ ૫૨)

**" હમ્દ " ના સબબ ખુદાતઆલાની રહેમત અને રોઝીમાં બરકત હાસિલ થાય છે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ
## કિસ્ત-૩૩

## દોઆ કરવામાં બખીલી કરનારના અમલ કુબૂલ નથી

દુનિયાનો કારોબાર-વહેવાર ગરઝ, તમઅ, લાલચ અને મતલબ પર રચાયેલો છે. મુત્તકીન-તકવા રાખનાર સિવાય અકસર લોગો આ મરઝમાં બીમાર છે. આ બીમારી નસ-નસમાં છે. કોઈ પણ પહેલા ખુદનું જોશે, ખુદનું વિચારશે, ખુદની રાહત તરફ વલશે, ખુદના ફાયદા તરફ દોડશે, ખુદનો માલ અને ખુદની ફેમીલી સલામત રહે તે વિચારશે. ખુદમાં ને ખુદમાં લોગો પોતાના ખુદાને પણ ભુલી જાય છે, તો પોતાના ભાઈઓ અને બિરાદરોને ભુલવું તો ખૂબ આસાન છે.

આજના આ રશાકશી અને દોડ-ધૂપના ઝમાનમાં હર એક કોન્ટેક્ટ સાથે કનેકશન રાખવું મુશ્કિલ છે. લોગોના મોબાઈલમાં કોન્ટેક્ટ તો ઘણા હોય છે પણ આપસી કનેકશન, રૂબરૂ મુલાકાત અને બેસીને દિલની ગુફ્તગૂ ઓછી હોય છે. ભલે તમામ સાથે કનેક્ટ ના થવાય પણ ખુદાતઆલાએ મુમેનીનને એક એવો તરીકો આપો છે કે, તે પોતાના ભાઈને યાદ રાખી શકે છે. **એક મુમિન બીજા મુમિનનો ભાઈ છે.** ભાઈ હોવાના નાતે બેવેને દરમિયાન કોઈનું કોઈ કનેકશન તો હોવું જ જોઈએ. મુમિનને ત્યાં જ રહેવું જોઈએ, ઘર લેવું જોઈએ, જ્યાં મુમેનીનની જમાઅત હોય. જો કોઈ મુમિન, બીજા મુમિન ભાઈનો પૂરા દિન ચહેરો ના જોઈ, ના મિલે, ના બોલે તો તેના મિઝાજમાં પરહેઝગારી અને મિલસારીની કમી આવી જાય છે.

દોઆ કરવી યાઅની ખુદાતઆલા સાથે હમ-કલામ થાવું, પોતાના દિલના દૂચા ખોલવા, પોતાને રૂહાની આલમ સાથે જોડવું. તો તે બહેતરીન તરીકો છે કે, બંદો પોતાના માલિકને ઘણો કરીબ હોય છે. ખુદાતઆલાએ પોતાની ઝાતે મુકદસ સાથે શહરૂલ્લાહની ઈબાદતને જોડી દીધેલી છે. આ મુબારક મહીનાના તીસ અય્યામ દોઆ કરવાના છે. દોઆ કરીને ખુદાને રાઝી કરવાના છે. આ તે મહીના છે કે, જેમાં દોઆ કરવું પણ એક ઈબાદત છે અને તે **ઈબાદતનો સવાબ ખુદા એક ફરઝ અદા કરવા મુજબ આપે છે.**

ખુદના વાસ્તે તો તમામ દોઆ કરે છે. પણ આકિલ, સયાનો અને હકીકી મુમિન તેને કહેવાય કે, પોતાના વાસ્તે દોઆ માંગતા પહેલા તે પોતાની જમાઅતના મુમેનીનની ફૌઝો ફલાહ, બલંદીઓ તરક્કી, શીફાઓ તંદુરસ્તી વાસ્તે દોઆ માંગે. દાઈયુલ્લાહની દોઆ સાથે પોતાની દોઆને જોડે. આઅલા-તરીન વસીલાઓ સાથે કોઈ મુમિન પોતાના ભાઈઓ, દોસ્તો અને કરાબતદારોને દોઆમાં શામિલ કરશે અને ભલાઈની દોઆ કરશે તો ઝરૂર ખુદાતઆલા પણ તે મુમિન વાસ્તે ભલાઈના દરવાઝાઓ ખોલી આપશે. મુમેનીન વાસ્તેની દોઆમાં ખુદ તે મુમિન પણ પોતાને શુમાર કરી લેશે. **ઝાતી દોઆ કરતા જમાઅતના દાઈ અને જમાઅત વાસ્તે માંગેલી દોઆ ખુદાની હઝરતે ખુદાવંદીમાં ઝિયાદહ કારગર, વઝનદાર અને પુરઅસર સાબિત થાય છે.**

બની ઈસરાઈલમાં વાકેઓ એમ બનો કે, મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) એ પોતાના અસ્હાબને કહ્યું કે, "અપને સફર કરતા કરતા ઘણા થાકી ગયા છીએ. યહાઁ પર એક નાની પહાડી નઝર આવે છે. ચલો! અપને તેના પત્થરોના સાયામાં થોડો આરામ કરી લઈએ." તમામ પહાડીના અડધે તક ચઢા, તો જોયું કે, તે જગા એક નાની ગુફા છે અને તેના એક ગોશામાં એક ઝઈફ શખ્સ બેસેલા છે. તે શૈખ ઊભા થઈ ગયા, તમામને ગુફામાં બેસાડા અને બધા સાથે જમા. એકબીજાનો તઆરૂફ થયો, જાણ-પહેચાન થઈ, તે શખ્સ મૂસાની સોહબત અને મુલાકાતથી ખુશ-ખુશ થઈ ગયા.

મૌ. મૂસાએ પૂછ્યું કે, અય શૈખ! તમેં યહાઁ શું કામ છો અને કેટલા વક્તથી છો? શૈખે કહ્યું કે, હું યહાઁ તન્હા ખુદાની ઈબાદત કરૂં છું અને આ મારી આદતને ૭૦ સાલ ગુઝરી ચુકા છે. હું રોઝ મારૂં ગામ છોડીને યહાઁ બિલા-નાગા આવું છું. મૌ. મૂસા બોલા કે, હવે તમારી મુલાકાત ખુદાના નબી સાથે થઈ છે તો શું તમારી કોઈ હાજત છે? શૈખે ફૌરન જવાબ આપો કે, હાઁ! ઝરૂર. મને તમેં એ વાતની ખબર કરો કે, **શું મારી ઈબાદત ખુદાની બારગાહમાં કુબૂલ છે કે નહીં? શું મારો ખુદા મારી આ મહેનતથી ખુશ છે કે નથી?**

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**હમ્દે ખાલિસ અને તાઅરીફે સાદિક કરવામાં ઈન્કેસારી અને હલીમી નઝર આવે છે.**

(પેજ નં. ૧૧ નું બાકી)

મૌ. મૂસાએ ફૌરન હક્કતઆલાની બારગાહમાં અરઝ કીધી કે, અય પરવરદિગાર! તારા નઝદીક આ શૈખ કે જે સાલોથી તારી ઈબાદત કરી રહ્યા છે, શું તેનો આ અમલ મકબૂલ છે? ગાઈબાના નિદા આવી કે, અય મૂસા! તમેં તે શૈખને કહો કે, "**તેની ઈબાદત મકબૂલ નથી. તેનો રબ તેનાથી ખુશ નથી.**" આ નિદા સાંભલીને મૌ. મૂસા ચોંકી ગયા. મૌ. મૂસાને યકીન ના થયું. લેહાઝા, પાછો સવાલ કીધો કે, હું મુઆફી ચાહું છું. અય રબ! તે શૈખના કયા ગુનાહના સબબ તુંએ તેની આટલા બધા સાલની ઈબાદતને નાકાબિલે કુબૂલ ફરમાવી? જવાબ મિલો કે, આ શૈખ ઈબાદત તો કરતા હતા મગર જે વક્ત તે દોઆ કરતા હતા તો ફક્ત પોતાને વાસ્તે જ બારગાહે રબ્બાનીમાં અરઝ ગુઝારતા હતા. યાઅની કે, તેના ભાઈઓ, સગાઓ, દોસ્તોને નઝરઅંદાઝ કરીને પોતાના વાસ્તે જ વિચારતા હતા. બીજા વાસ્તે દોઆ કરવામાં ખૂબ-ખૂબ બખીલ હતા. તેના આ અમલના સબબ ખુદાતઆલા તેનાથી નારાઝ છે અને તેની ઈબાદત ઝાયેઅ થઈ ગઈ છે.

આ જવાબ સાંભલીને તે શૈખ સર પીટવા લાગા, રોવા લાગા અને ગુનાહનો એતેરાફ કરવા લાગા. મૌ. મૂસાએ નસીહત કીધી કે, "અય શૈખ! આ દુનિયામાં અપને એકલા રહી શકતા નથી. **અપના હર અમલ સાથે કોઈનું કોઈ જોડાયેલું હોય છે.** દોઆ પણ એવો જ એક અમલ છે. બીજા વાસ્તે દોઆ કરવામાં ઈઝ્ઝત, અઝમત અને વકાર વધે છે. જે શખ્સ બીજા વાસ્તે પોતાના કલામ અને વક્તને સર્ફ કરે છે તેને ખુદાતઆલા બેહદ ચાહે છે. જેટલી ઉંમર તમારી બાકી હોય, અય શૈખ! તમેં તમારી જમાઅત અને તમારા રિશ્તેદારોની નૈકી વાસ્તેની દોઆમાં તમારી ઝિંદગી બસર કરો."✯

## લફ્ઝી કશ-મ-કશ

**✹ ઉભી તરકીબ :**

૧) દિલમાં ખુદાતઆલાના અઝાબની ______ હશે તો તમેં કોઈ વક્ત ગુનાહના કામ નહીં કરો. (૨)

૨) ખુદાતઆલાની ઝાતે પાક જેમ એક છે, તેમ તેના વલીની ઝાત હર ઝમાનમાં એક જ હોય. આ એક ને શું કહેવાય? (૩)

૩) મૌ. અબ્દુલ્લાહ અને મૌ. નુરૂદ્દીન (રિ.અ.) ને મિસિરથી હિન્દુસ્તાન લાવનાર કયા દાઈએ બલાગ હતા? (૩)

૭) અગર તમારો અમલ ______ ના દાના બરાબર પણ હશે તો ખુદાના ફરિશ્તા તેને પથરીલી ચટ્ટાન યા દરિયાની તેહ માંથી નિકાલીને લાવશે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✹ આડી તરકીબ :**

૨) ખુદાતઆલાએ તમામ ચીઝો પહેલા કઈ ચીઝ પૈદા કીધી કે જેમાંથી એક એ તેની તૌહીદનો ઈકરાર કીધો? (૩)

૪) ______! તમેં શું સવાબનું કામ કીધું છે! સુબ્હાનલ્લાહ. (૨)

૫) ______ માં ના હોય, તો ના કરજો. (૨)

૬) ______ જે વક્ત સુકાય છે તો કિશમિશ બને છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | સ | | |
| | મ | ઝા | ર | |
| તી | સ | ╳ | હ | ક્ક |
| | હ | સ | ન | |
| | | ના | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✯

**દાઅવતે શરીફહમાં શામિલ થાનાર હર શખ્સ વાસ્તે પહેલી શરત ખુદાતઆલાનો હમ્દ કરવું છે.**

## યા અલી

તું ખાસે બરગુઝીદએ દાવર હે યા અલી,
તું શાને ઝુલજલાલ કા મઝહર હે યા અલી.

સલ્લે અલા મોહંમદિન વ આલે મોહંમદ,
દિનરાત તેરા નામ ઝબાઁ પર હે યા અલી.

મુમ્કિન નહીં બશર સે અદા હો તેરી સના,
તું હમ સિફાતે ખાલિકે અકબર હે યા અલી.

તુંને નિશાને દીને ખુદા કર દિયા બલંદ,
ખુદ હક્કતઆલા તેરા સનાગર હે યા અલી.

મસ્જિદ મેં જૈસે તુઝકો શહાદત હુઈ નસીબ,
મૌલૂદ તેરા ખાનએ દાવર હે યા અલી.

હે અન્તા રૂહી ફી બદની કૌલે મુસ્તફા,
સાબિત હુવા તું નફસે પયમ્બર હે યા અલી.

તું હે વઝીર શાહે બશીરો નઝીર કા,
બેશક તું હી વસીએ પયમ્બર હે યા અલી.

શમ્શીર દી ખુદાને તો દુખ્તર નબીને દી,
કબ યે શરફ કિસી કો મયસ્સર હે યા અલી.

મહેમાન એક વક્ત મેં ચાલીસ ઘર હુવે,
યે મોઅજિઝા તો ખલ્ક મેં અઝહર યા અલી.

મુમ્તાઝ દો જહાઁ મેં હે સબ તેરે મદહખ્વાઁ,
તેરી સના ઈબાદતે દાવર હે યા અલી.

લિલ્લાહ અબ નિગાહે કરમ કીજીએ મૌલા,
સબ મુમીનીં ભી તેરે સનાગર હે યા અલી.

શાદાઁ જહાઁ મેં હઝરતે હાતિમ ઝકી રહે,
જો મુમીનીં કે હાદીઓ રહેબર હે યા અલી.☆

## ઈદુલ ફિત્ર મુબારક


ખુદાતઆલાએ જમાઅતે અલવીયહના મુમેનીનને શહરૂલ્લાહિલ હરામની ઈબાદતો રિયાઝત, તહારતો ઝકાત અને સૌમો તહજ્જુદ નસીબ ફરમાવી. હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની બાઅસર દોઆઓથી મુમેનીનને ઈદની ખુશી મયસ્સર થાય અને આપ મૌલાની દીદ-દીદારમાં હર દિલ હમારા વાસ્તે ઈદનો બાબરકત દિન કરે. આમીન. ☆

## Shining Star



**Lokhandwala Alefiyah Shamsuddin**, studied in MS University, Vadodara and did her "Interior Designing" from the Faculty of Family and Community Sciences, has submitted her research paper entitled: Environmental concern: A facilitator for practicing Sustainable Interior Design (Page no. 36-42) which got selected for the publication in an International Journal. In the past her research paper titled "Indoor Environment Quality: A crucial aspect in designing Sustainable Interiors" got published in the International journal of Interior Designing. This is truly a great success and a pure result of hard work and determination. ☆

## મુબારકબાદ



**હુનૈદઅલી અલી અસ્ગરભાઈ પટેલ,** ૮ સાલના દીકરાએ રજબુલ મુરજ્જબનું ૨૭ મી તારીખનું યાઅની યૌમે મબ્અસનું રોઝું રાખેલું છે. ઈદારા તરફથી હમેં આ દીકરા વાસ્તે ખૈરો બરકતની દોઆ ગુઝારીએ છીએ. ☆

**“ હમ્દ ” તે વક્ત કામ લાગે કે, બંદો દાઈયુલ્લાહનો ઈતાઅત-ગુઝાર હોય.**

## હોતા નહીં

જિસકો ઈશ્કે ગુલ્શને ખૈરૂલ બશર હોતા નહીં, ગુલ્શને ફિરદૌસ તક ઉસકા ગુઝર હોતા નહીં.
બંદએ ખૈરૂલ બશર ગર હે તો શર સે દૂર રેહ, ખૈર હોતી હે જહાઁ, વહાઁ દખ્લે શર હોતા નહીં.
આઝિમે મુલ્કે અદમ ગર હે તો કર આઅમાલ નેક, જુઝ અમલ ઈસ રાહ મેં ઝાદે સફર હોતા નહીં.
યૂઁ હસદ કી આગ હે હસ્સાદ કે દિલ મેં નિહાઁ, સંગ સે જિસ તરહ સે ઝાહિર શરર હોતા નહીં.
આતિશે પિન્હાઁ જો પત્થર મેં હે વો ક્યૂં કર બુઝે, લાખ મન પાની ગિરે ઉસ પર અસર હોતા નહીં.
ગર ચે હે ઈન્સાન વો લેકિન વો હયવાઁ સે હે દૂન, જિનકો તમ્યીઝો ખયાલે ખૈરો શર હોતા નહીં.
ફાયદા ક્યા બે-નસીહત કો નસીહત સે ભલા, આબ કા ચિકને ઘડે પર કુછ અસર હોતા નહીં.
ખૈર કે આગે કભી સર શર ઉઠાએ ક્યા મજાલ, પાસ હોતા હે જો સંદલ દર્દે સર હોતા નહીં.
જાતા હે મુલ્કે અદમ કો યહાઁ સે તન્હા હર બશર, કહેતેં હૈં ઈસ રાહ મેં ખૌફો ખતર હોતા નહીં.
કહેતે થે કાફિર રસૂલુલ્લાહ કો સાહિર તો ક્યા, નેક કો બદ કી બદી સે કુછ ઝરર હોતા નહીં.
કિસ તરહ પીરી મેં હાસિલ હો ભલા લુત્ફે શબાબ, જલ્વાગર નૂરે કમર વક્તે સહર હોતા નહીં.
શેહને અકબર સે કહા દૂઁ તુમ કો મરને કી રઝા, મુઝ સે યે હરગિઝ મેરે નૂરે નઝર હોતા નહીં.
હિજ્ર મેં ગુઝરેગી જો કુછ મુઝ પે ક્યા જાનો ઉસે, દર્દે દિલ સે બાપ કે વાકિફ પિસર હોતા નહીં.
વાહ રે હમલા કરતેં લાખોં પર ન ક્યૂં તન્હા હુસૈન, ખૌફનાક આઅદા સે હયદર કા પિસર હોતા નહીં.
લાખોં હો ગર સામને લેકિન અકેલા હો અસદ, શૈર સા કોઈ જહાઁ મેં પુરજિગર હોતા નહીં.
પર બશર ભી વો બશર ખૈરૂલ બશર કા જો હો લાલ, પૂરી ઉમ્મત મેં કોઈ ઐસા બશર હોતા નહીં.
પ્યાસ કે મારે ગયે બચ્ચે હૈં શેહ કે જાઁબલબ, કુછ ખયાલ ઉનકા તુઝે ઓ બદ-ગોહર હોતા નહીં. ✯

--------------------------- મુશ્કિલ અલ્ફાઝ ---------------------------

ગુલ્શન-બાગ
ખૈરૂલ બશર-રસૂલુલ્લાહ (સ.અ.વ.વ) અને મૌ. અલી (અ.સ.)
શર-બદ અમલ
દખ્લ-અંદર હોવું
શરર-શરારત, બદી, ચિંગારી
આઝિમ-ઈરાદો કરનાર
અદમ-મૌત બાદ ફના થાવું
હસ્સાદ-અદેખાઈ કરનાર
નિહાઁ-છુપેલું
સંગ-પત્થર
તમ્યીઝ-તમીઝ
સંદલ-સુખડ
સાહિર-જાદુગર
ઝરર-નુકસાન
સહર-સવાર
જલ્વાગર-ખુલ્લા તૌરથી
હિજ્ર-જુદાઈ
આઅદા-દુશ્મનો
અસદ-શૈર
પુરજિગર-બહાદુર
જાઁબલબ-જાન હોંઠ પર આવવી
બદ-ગોહર - બદકાર ✯

- જમા બાદ, પાની પીધા બાદ, કોઈ ખૈર ચીઝ જોઈ તે વક્ત, કોઈ ખૈર અખ્બાર સાંભલે તે વક્ત, " અલ-હમ્દો લિલ્લાહ " બોલવું ઝરૂરી છે.
- ખુદાના હમ્દ સાથે અલીએ આઅલાની વલાયતનો ઈકરાર જોડાયેલો છે.
- ઈમામે હક્કની માઅરેફત અને આપના નાઈબ દાઈએ આલે મોહંમદ (સ.અ.) નીખિદમત, " હમ્દ " ને માઅના-મતલબ બખ્શે છે.
- જો " હમ્દ " નું કરવું બેમાઅના થઈ જાય તો જે લોગો તેને પોતાની નમાઝમાં ઝોરથી, ઈલ્હાનથી, તરન્નુમથી પઢે છે, તેઓની નમાઝનો શું હાલ!
- જાનવરોંમાં મધમાખી જ એક એવી મખ્લૂક છે કે જે ખુદાનો ઝિયાદહમાં ઝિયાદહ હમ્દ કરે છે.

**મુમિનને જોઈએ કે કોઈ તો એવો મૌકો તલાશ કરે કે, તે દાઈની ઝબાનથી ખુદાનો " હમ્દ " સાંભલે.**

## ઝરૂરી એલાન

હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની તાઈદ અને હિદાયતથી છેલ્લા ૧૫ સાલથી મિશ્કાતુલ હાદી જમાઅતના મુમેનીનની અદબી-ઈલ્મી ખિદમત કરી રહ્યું છે. હર તરહના અપના કૌમી અખ્બાર, અકીદા અને રસ્મો રિવાજ પર રોશની નાંખી રહ્યું છે અને બિદઅતોને મિટાવવા તરફ મુમેનીનની તવજ્જોહ કરાવી રહ્યું છે. આ ઈલ્મી ખિદમત જારી-સારી રહે તે વાસ્તે હર મુમિન પર વાજિબ છે કે, કોઈના કોઈ ઝરીઆથી આ ખિદમતમાં પોતાને શરીક કરે.

લેહાઝા, શહરૂલ્લાહમાં યા બીજા મૌકા પર વાજેબાત વાસ્તે દેવડી મુબારક પર મુમેનીન પધારે તો હરએક ઘરને હવેથી ૧૦૦ રૂપિયા લવાઝમ લાઝિમી તૌરથી આપવાના રહેશે. જો કોઈ ઘરમાં આ અખ્બાતને વાંચનાર ન હોય તો પણ ઈલ્મી ખિદમતના તૌર પર લવાઝમ આપવાનું રહેશે. એવું પણ બને છે કે, કોઈ સબબથી પ્રિન્ટેડ કોપી કોઈ જગા પર પહોંચી શકતી નથી યા પોસ્ટમાં કોઈ તકલીફ નડે છે, તો તે મુમેનીનને જોઈએ કે પોતાના ઘરના કોઈ એક મેમ્બરનો ઈમેલ દાઅવતે શરીફહની ઓફીસ પર દરજ કરાવી દે. જેથી વક્તસર ઈમેલના ઝરીએ તેની તરફ અખ્બારની સોફ્ટ કોપી પહોંચી શકે અને તેનું પ્રિંટઆઉટ કાઢીને ઘરના તમામ અફરાદ અખ્બારને પઢી શકે.

પ્રિન્ટેડ કોપી સાથે હવે ઈમેલના ઝરીઆથી પણ મિશ્કાતુલ હાદીની સોફ્ટ કોપી પહોંચાડવામાં આવે છે. હર તરહના દીની અખ્બારથી મુમેનીન આગાહ રહે તે વાસ્તે અપની વેબસાઈટ પર પણ આ અખ્બાર ના ગુઝિશ્તા અંકો અને હાલનો અંક મુકવામાં આવે છે. મુમેનીન આ તમામ ઈલ્મી ખિદમતોથી નફસાની ફાયદો લે એમ ઉમ્મીદે દીલી છે. ☆

## તિજારત


**Unique Collection**

We at Unique collection carry out the following works.

❖ Interior works
➢ False ceiling of POP and Gypsum
➢ 3D Stretched Ceiling (Based on themes and lighting)
➢ 3D Flooring (Theme flooring)
❖ Renovation Work
➢ Civil Work
➢ Electrical Works
➢ Furniture work

3D ceiling and flooring will be best suited for office and show rooms. Please feel free to call me for any of these works or queries.
All the above works are carried out at competitive price.

**Contact :**
**Mohammed Husain Umallawala**
Umallawala Building, Badri Mohalla, Wadi, Vadodara.
**M.: +91 9998769628 / +91 9375709551** ☆

યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**
**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**
દુકાન નં.૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.
**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઇશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬**


**દાઈની દોઆ અને ખિદમતના સબબ ખૂદાઓ રસૂલ પોતાની હઝરતમાં મુમિનનો હમ્દ કુબૂલ ફરમાવે છે.**

## નમાઝ મેં

ઝુક જા ખુદા કે સામને મેરે અખી નમાઝ મેં,
આઅલા અમલ હે જાન કે કર ના કમી નમાઝ મેં.
ફાકે મેં ઔર બુખાર મેં, જંગો જદલ કે વાર મેં,
પત્થર કો બાંધ ઝુકતેં થે અહમદ નબી નમાઝ મેં.
મેઅરાજ મેં વિસાલે રબ , ઉતરે બુરાક રોક કર,
અક્સા કે કિબ્લે મેં ગિરે, વો રાત કી નમાઝ મેં.
અહમદ નબી કે હુકમ કા અય કલ્માગો ખયાલ રખ,
રૂખ્સત હરએક અમલ મેં દી તાકીદ કી નમાઝ મેં.
ઝીનત નમાઝ જાન કી, વરઝિશ નમાઝ જિસ્મ કી,
આકિલ હે ગર ના કીજીયો સુસ્તી કભી નમાઝ મેં.
સુન્નત કી ઝૈબો ઝૈન હે ઈસ્લામ કા વકાર હે,
સફ મેં ફરિશ્તે કહેતે હૈં હિકમત ભરી નમાઝ મેં.
શીઆ અલી કા ખાસ હે, રખ તું વિલા નમાઝ કી,
સજદે મેં સર ફિદા કીયા, હઝરત અલી નમાઝ મેં.
ખિલઅત હસન-હુસૈન કી જિબરીલ લે કે દે ગયે,
નેઅમત મિલી ખુદા સે જબ ઝહરા ઝુકી નમાઝ મેં.
કૈસે નમાઝી થે વો સબ, કરબો બલા કે મહેમાન,
થા વક્તે ઝોહર ફૌજે હક્ક લડતી રહી નમાઝ મેં.
તીરોં કે વાર મેં થી વો કાઈમ નમાઝ હુસૈન કી,
કાઈમ યું રહેતે હૈં વલી અલ્લાહ કી નમાઝ મેં.
ઈશ્કે ખુદા થા કિસ કદર ઝૈનુલ અબા જનાબ કો,
ખૌફે ખુદા કે વજદ મેં થી થરથરી નમાઝ મેં.
આલે નબી નમાઝ કી તરગીબ મેં લિખી સનદ,
તું ભી અય બંદએ ખુદા કર ચાકરી નમાઝ મેં.
અચ્છે અમલ એક લાખ મેં અફઝલ હે પેશવા નમાઝ,
મશ્ગૂલ રેહ શામો સહર અય મુત્તકી નમાઝ મેં.
તોહફા યે રબ્બે હક્ક સે હે, મિસ્બાહે કુફ્લે ખુલ્દ હે,
હૈં ફાયદે હઝારહા જલ્વાગરી નમાઝ મેં.
ચાહે અગર નજાત તું રખ ઈશ્ક તું નમાઝ કા,
મરને કી હક્ક સે કર દોઆ ઝાકિર અલી નમાઝ મેં. ✮

## ઈદ હોતી હે

**બાઅદે રમઝાન ઈદ હોતી હે,**
**રબ કી રહેમત ઝદીદ હોતી હે.**
**ઈદ તુઝકો મુબારક અય સાઈમા,**
**રોઝદારોં કી ઈદ હોતી હે.**
**જિનકો આકા કી દીદ હોતી હે,**
**ઉન પે કુરબાન ઈદ હોતી હે.**
**તેરી શયતાન! માહે રમઝાઁ મેં,**
**કૈસી મિટ્ટી પલીદ હોતી હે.**
**વાસ્તે આશિકાને રમઝાં કે,**
**મગફેરત કી નવીદ હોતી હે.**
**ઈદ કે દિન અલી યે રો રો કર,**
**બોલે " નૈકોં કી " ઈદ હોતી હે.**
**જિનકો દાઈ કી ખુશી હે હાસિલ,**
**ઉસી મુમિન કી ઈદ હોતી હે.**
**દુશ્મની ભૂલ કર ગલે મિલ લો,**
**અલવી સચ્ચી યે ઈદ હોતી હે.** ✮

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✮

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.